# Conclusion

## ઉપસંહાર

એક મહાનિબંધના ફલકની મર્યાદામાં રહીને, તેને માટે સ્વીકારેલા વિષયના સિદ્ધાન્તપક્ષની સાંગોપાંગ પર્યાપ્ત માંડણી કરવી, સંબંધિત સિદ્ધાન્તોનો યથાશક્ય વિનિયોગ કરી જોવો અને તેનાં પરિણામો તપાસવાં એવો ઉદ્દેશ અહીં સેવ્યો હતો. તે અનુસાર આ મહાનિબંધ માટે પસંદ થયેલા વિષય પરનો સમીક્ષાત્મક અભ્યાસ અહીં પૂરો થાય છે. અભ્યાસની આ મજલ પૂરી કર્યા પછી પાછા ફરીને એક દૃષ્ટિપાત એ સમગ્ર મજલ પર કરવાનું કુતૂહલ સ્વાભાવિકપણે રોકી શકાતું નથી. દૃષ્ટિપાત કરતાં દૃષ્ટિ સમક્ષ કેટલાક સમગ્રલક્ષી મુદ્દાઓ પણ સ્વાભાવિકપણે ઊપસે એવા મુદ્દાઓને સ્પર્શવાનું અહીં અપ્રસ્તુત નહીં લેખાય.

પશ્ચિમમાંથી આપણે વિવેચનના નવા નવા સિદ્ધાંતો અને અભિગમોને લાવવામાં ઉત્સાહ દાખવીએ છીએ પણ આપણા સાહિત્યનાં સંદર્ભે એમની વિનિ-યોજ્યતાની ક્ષમતાઓને સંતોષકારક રીતે તાગવાનો તેટલો ઉત્સાહ દાખવતા નથી એવી એક ગાળ અવારનવાર સંભળાયા કરે છે. રૂપરચનાવાદી, પ્રકારવાદી જેવા અભિગમોને આ આક્ષેપમાંથી બાકાત રાખી શકીએ પરંતુ સંરચનાવાદી, ચૈતન્યવાદી જેવા અભિગમોની વાત આવે ત્યાં આપણે ચૂપ રહી જવું પડે. ભાષાલક્ષી અભિગમની સૈદ્ધાન્તિક ચર્ચા આપણે ત્યાં ઠીકઠીક થઇ છે પણ તેના વિનિયોગના વ્યાપ અને ઊંડાણ સંતોષકારક માત્રામાં પ્રગટાવાયાં નથી. વળી એવા વિનિયોગ દ્વારા કાવ્યપ્રયુક્ત ભાષાસામગ્રીની વસ્તીગણતરી અને વર્ગીકરણતાલિકાથી વિશેષ કશું હાથમાં આવી શકે તેમ નથી એવું મંતવ્ય પણ ક્યારેક દબાયેલા અવાજે તો ક્યારેક ધીટ મુખરતાથી ઉચ્ચારાતું સાંભળ્યું છે. બીજા કોઇપણ અભિગમની સાથેના અપ્રમાણિક પૂર્વગ્રહોને પડકાર્યા વિના જેમ જતા ન કરાય તેમ આ મંતવ્યને પણ તેના વજૂદને બરાબર ચકાસ્યા વિના જતું ન કરાય.આમ કરવા માટે સિદ્ધાંતનો સર્વગ્રાહી પરિચય મેળવી લેવો રહે તથા તેના વિનિયોગની બધીજ શક્યતાઓને તાગી જોવી રહે. આ પ્રમાણે અહીં ભાષાલક્ષી અભિગમનાં વિવિધ પાસાંઓમાંથી જે જેનો જ્યાં જ્યાં વિનિયોગ શક્ય બન્યો ત્યાં ત્યાં તેનો વિનિયોગ કરી જોયો છે. વિનિયોગનાં સ્વરૂપ અને સ્તરમાં વૈવિધ્ય લાવી શકાય તે માટે ગાંધીયુગથી આધુનિક સમયગાળા સુધીના જુદા જુદા તબક્કાઓના પ્રતિનિધિરૂપ બની રહે તેવા વધુમાં વધુ પાંચ કવિઓને તપાસવાનો અહીં ઉપક્રમ કર્યો છે. સાક્ષરયુગનાં કવિઓમાં પણ કાવ્યભાષા વિશેના પોતીકા ખ્યાલો હતા. મહાનિબંધના ફલકનો વિચાર કરીને પ્રસ્તુત તપાસમાંથી એ યુગને બાકાત રાખીને ભાષાકાર્ય વિશેની સૂઝ વધુ યશસ્વી રીતે પ્રગટતી દેખાય છે તે આધુનિક સમયગાળા

સુધી એ તપાસના દોરને લંબાવવાનું આયોજી શકાયું છે. આ તપાસમાં કાવ્યપ્રયુક્ત રૂઢ અને અરૂઢ ભાષાતત્ત્વોની ઓળખ દ્વારા ભાષાલક્ષી અભિગમની વિનિયોજ્યતા તો પ્રમાણિત થઇ શકી છે પરંતુ તે સાથે કવિતાની કાવ્યત્વલક્ષી તપાસ માટેની તેની ઉપકારકતા પણ ચકાસી અને સ્થાપી શકાઇ છે. કવિ શા માટે નવો શબ્દ બનાવે છે? કવિ શા માટે વિચલિત અન્વયો પ્રયોજે છે? અભિવ્યક્તવ્યની માંગને પહોંચી વળવા માટે કવિને જ્યારે ભાષાના ઉપલબ્ધ શબ્દભંડોળમાંથી કોઇ યોગ્ય શબ્દ નથી મળતો અથવા વ્યાકરણસંમત અન્વય ઓછો પડતો લાગે ત્યારે તે વિચલન સાધે છે. તે સંદર્ભનિયતરીતે શબ્દોમાં નવા અર્થોન્મેષો પ્રગટાવે છે. કલ્પનો, પ્રતીકો, અલંકારોની અર્થચમત્કૃતિને ઉકેલવાની ચાવી પણ અહીંથી મળી રહે છે. વિચલન આમ એની સર્જકતાની પારાશીશી બની રહે છે. વિચાર ગમે તેટલો સુંદર કે નૂતન હોય છતાં તેને ચલણી ભાષામાં, અભિધામાં કે મૃત અલંકારો દ્વારા રજૂ કરી દેવામાં સર્જકતા ક્યાં આવી? રૂઢ ભાષાતત્ત્વોના અરૂઢ પ્રયોગો દ્વારા ભાષાને સંસર્જીને જે કવિ અર્થની ચમત્કારકતાને આવિષ્કારે છે તે જ વધારે ચડિયાતો ઠરે છે એમ કહેવાનું ગનીમત લાગે તેવાં સંખ્યાબંધ દૃષ્ટાંતો આપણા ઉત્તરકાળના અગ્રિમ કવિઓમાંથી સાંપડી રહે છે. વિચારો તો બધા કહેશે પણ ભાષાના માધ્યમમાં આવી અનવધ અર્થવ્યંજકતાને કવિ નહીં સંકોરે તો બીજો કોણ સંકોરશે? એમ વિચારીને કવિના આ પ્રકારના ભાષાકર્મને સરાહ્યા વિના રહી શકાતું નથી. ભાષામાં રચાયેલી કૃતિની કાવ્યાત્મકતાને ભાષાની ખુબીઓ વડે પામવાનો માર્ગ ભલે એ પ્રકારનો એકમાત્ર માર્ગ ન હોય પણ તે એક આધારપાત્ર માર્ગ તો છે જ. જે રચનાકારો સર્જનલક્ષી અનિવાર્યતામાંથી સમર્પકતાનો કશોક અભિનવ ભાષાપ્રયોગ પ્રગટાવી આપવાને બદલે કેવળ દેખાદેખીથી ભાષાવેડામાં રાચતા હોય તે સ્વાભાવિકપણે જ આ સરાહનામાંથી આપોઆપ બાકાત રહી જાય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

અહીં અભ્યાસ માટે પસંદ કરેલા કવિઓમાનાં સૌથી પહેલા છે સુંદરમ્, ગાંધીયુગની વિખ્યાત કવિબેલડીમાંના એક. તેમની કવિતાએ તેમને તો કવિ તરીકેનો યશ અપાવ્યો જ છે પરંતુ આપણી કવિતાનો ઇતિહાસ પણ એનાથી ગૌરવાન્વિત બન્યો છે. તેમની કવિતા જથ્થામાં વિપુલ છે, વિષયવૈવિધ્યવાળી અને રચનાવૈવિધ્યવાળી છે, છંદ અને ભાષાની દૃષ્ટિએ પણ સુઘડ છે અને નમુનેદાર કાવ્યત્વના અસાધારણ ઉન્મેષો બદલ બિનવિવાદાસ્પદપણે વ્યાપક આદર પણ પામી છે. તેમના ગીતોમાં ઘણે સ્થળે તળપદા પ્રયોગો અને બોલચાલની છટાઓ તો બીજે ઘણે સ્થળે તત્સમ ભાષાપ્રયોગો નજરે પડે છે. તેમના છંદોબદ્ધ કાવ્યો સંસ્કૃતથી માંડીને અતિસંસ્કૃત સુધીનાં ભાષાતત્ત્વોને પ્રયોજે છે; તેઓ નવા નવા સમાસો રચે છે અને એ સમાસો ઘણી જગ્યાએ રૂઢ પ્રકારની અલંકારિકતા લઇને આવે છે. તેમના ઘણા વિચલિત અન્વયો પણ રૂઢ પ્રકારે અલંકાર રચના માટે યોજાયેલા જણાય છે. એટલે એમની કાવ્યબાનીની વિશેષતા અને વ્યાવર્તકતા બહુધા વિશિષ્ટ

શબ્દભંડોળના સ્તરે રમ્યા કરે છે. નિરંજનની કવિતામાં કાન્ત-સુન્દરમ્‌ની ભાષાસુઘડતા છે. એમની વૃત્તબધ્ધ તથા ગીતસ્વરૂપની કવિતાની બાની તત્સમપ્રધાન બને છે પણ સુંદરમ્‌ના 'મનસ', 'નભસ', 'જગત્', 'મહત્' જેવા ચિત્રવિચિત્ર સંસ્કૃતછાપના પ્રયોગોને ટાળે છે. તેમની કવિતા પણ સાદા તથા અલંકારસાધક સમાસો પ્રયોજે છે અને બહુધા શબ્દભંડોળના જ સ્તરે બાનીની વ્યાવર્તકતા ને વિશેષતા દેખાડીને રહી જાય છે. અહીં લીધેલા કાળક્રમમાં જયંત પાઠકની કાવ્યભાષા એક સ્થિત્યંતર પૂરું પાડતી લાગે છે કેમકે તે પૂર્વક્રમના કવિઓ જેવી કાવ્યબાની પ્રયોજવાની સાથે ઉત્તરક્રમના કવિઓ જેવાં વિચલિત ભાષાતત્ત્વો પ્રયોજવા તરફ પણ ઢળે છે. જો કે એમની કવિતાની બાનીનું ઉત્તરક્રમના કવિઓની બાની સાથેનું સામ્ય એમના મૌલિક પ્રયોગથી સિધ્ધ થયાનું લાગવાને બદલે ઉત્તરવયના કવિઓના ભાષાપ્રભાવથી સિધ્ધ થતું હોય તેવું સંખ્યાબંધ દાખલાઓથી પ્રમાણિત થઇ શકે તેવું છે. એમની કવિતામાંના આવા દૃષ્ટાંતો એમને વિશેના પ્રકરણમાં તારવી બતાવ્યાં છે પણ પછીના ઉત્તરક્રમના કવિઓ રાવજી અને રમેશ પારેખમાં વિચલિત કે અરૂઢ ભાષાતત્ત્વોના કાવ્યોપકારક વિનિયોગનો નરી આંખે નજરે ચઢે તેવો બુલંદ ઉઘાડ આવતો વરતાય છે, શબ્દભંડોળના સ્તરથી આગળ વધીને અન્વયગત વિચલન અને અર્થગત વિચલનના સ્તરે બહોળા પ્રમાણમાં સમૃધ્ધ પરિણામો નિપજાવી આપે છે. ભાષાકર્મ કોને કહેવાય, તેમાં કેટલું વૈવિધ્ય આણી શકાય અને તેને કાવ્યત્વના હેતુ માટે સાર્થકપણે કેવી રીતે વિનિયોજી શકાય તેના ઉત્તમ નમૂનારૂપ અરૂઢ કે વિચલિત ભાષાતત્ત્વો તેમની કવિતામાંથી ડગલે ને પગલે મળી આવે છે. અહીં અભ્યાસ માટે પસંદ કરેલા પાંચ કવિઓને તેમના પૂર્વાપર સમયક્રમમાં જોઇએ તો ગુજરાતી કવિતાએ કેવળ રોમાંચક ભાવસંવેદનાને વ્યક્ત કરવાની ભૂમિકાએથી આગળ વધીને રોમાંચક ભાષાસંવેદનાની ભૂમિકા સાધવા સુધીનો ગૌરવાસ્પદ વિકાસક્રમ સાધેલો જોઇ શકાશે. પરંપરારૂઢ કાવ્યબાની દ્વારા અપૂર્વ ભાવસંવેદનના કથનમાં રાચતી સર્જકતા કરતાં એવી ભાવોર્મિના નિરૂપણ માટે સમર્પકપણે પ્રયોજાતા વિસ્મયકારક નૂતન ભાષાપ્રયોગમાં પ્રગટતી સર્જકતા આપણને વધારે મુગ્ધ અને પ્રસન્ન કરી શકે છે એની પ્રતીતિ અહીં આપણને થાય છે. ગુજરાતી કવિતામાં કાલક્રમે ઊઘડેલાં સર્જકતાનાં અને આસ્વાદ્યતાનાં નવાં પરિમાણોનો અહીં આપણને પરિચય મળે છે.

છંદ ભાષાના અંગરૂપ નથી પરંતુ તેને વ્યક્તત્વનિશ્ચિત સ્વરવિન્યાસ દ્વારા જ પ્રાપ્ત થાય છે અને સ્વરો ભાષાના અંગરૂપ હોઇને તેનું વ્યક્તીકરણ એવા નિશ્ચિત સ્વરવિન્યાસમાં પ્રયોજાતી ભાષાના અંતરંગરૂપે થઇ શકે છે. કુશળ કવિના હાથે છંદની પંક્તિમાં વાક્ય કે ઉક્તિ તેના સ્વાભાવિક રૂપે પ્રવાહી રીતે વણાઇ જાય છે. પરંતુ ક્યારેક કવિના અણઘડપણાને કારણે તો ક્યારેક

કવિના કોઇક અભીષ્ટ કલાહેતુને કારણે વાક્યનો પદક્રમ છંદોબધ્ધ પંક્તિમાં અસ્તવ્યસ્ત કે વિપર્યસ્ત બની જાય છે; એવી પંક્તિઓ દુરન્વિત કે દૂરાન્વિત પદક્રમવાળી બની જાય છે. વિચલિત અન્વયોની તપાસની જેમ વિચલિત પદક્રમની તપાસ પણ કાવ્યપ્રયુક્ત ભાષાની જ તપાસ હોય છે અને તેનું પગેરું છંદ સુધી પહોંચતું હોય તો તેને સંદર્ભે કવિપ્રયુક્ત છંદની ખૂબીઓ, ખામીઓ કે વિશિષ્ટતાઓની ચર્ચામાં પણ ઊતરવું પડે. આમ હોવાથી આ મહાનિબંધમાં અન્ય ભાષાગત વિચલનોની જેમ યથાવશ્યકપણે છંદોગત વિચલનોની અને છંદોગત પદવિન્યાસની ચર્ચા પણ કરી છે.

આ સમગ્ર અભ્યાસ પર નજર નાખતાં એક બીજી કુતૂહલપ્રેરક બાબત લક્ષમાં આવે છે. સુંદરમે સાહિત્યનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો હતો અને આગવી વિવેચનદૃષ્ટિ ધરાવતા વિવેચક તરીકે આપણે ત્યાં તેમની પ્રતિષ્ઠા છે. નિરંજન ભગત અંગ્રેજી તથા અન્ય યુરોપીય સાહિત્યના વિદ્વાન અભ્યાસી છે અને વિવેચક તરીકે એમની નામના છે. જયંત પાઠક સાહિત્યના પ્રાધ્યાપક છે અને તેમણે પણ વિવેચનકાર્ય કર્યું છે. તેમની સરખામણીમાં સાહિત્યિક વિદ્વત્તાની દૃષ્ટિએ રાવજી અને રમેશ પારેખનું ભાગ્યે જ કોઇ સ્થાન ગણાય. આમ છતાં કાવ્યોપકારક રીતે અભિવ્યક્તિની નવી ક્ષમતાઓને તાગીને તેઓ વિસ્મયકારક રીતે નવીકરણ તથા વિચલનના વ્યાપ અને વૈવિધ્યને વધારે છે અને કાવ્યબાનીની સક્ષમ, તાજી મનભાવન તાસીરને પ્રગટાવી આપે છે. પૂર્વક્રમના કવિઓનું સંવેદનજગત સાંકડું કે રંક છે એમ નથી અને ઉત્તરક્રમના કવિઓનું સંવેદનજગત વિશાળ અને સમૃધ્ધ છે એમ પણ નથી. સુન્દરમ્ અને નિરંજને વ્યક્તિલક્ષી ઊર્મિઓને ગાઇ છે અને વિશાળ માનવસમાજ અને માનવજીવનને સ્પર્શતી સંવેદનશીલતાને પણ તેમણે ગાઇ છે. રાવજીએ વ્યક્તિલક્ષી ઊર્મિઓને ગાવા સાથે તેનાં દીર્ઘકાવ્યોમાં વ્યાપક માનવીય સંદર્ભોને કવનવિષય બનાવ્યો છે તથા નિરંજનની જેમ તે તથા રમેશ પારેખ તેમની કવિતામાં હાસ્યકટાક્ષને પણ પ્રયોજે છે. રમેશ પારેખની કવિતા વિશેષે ભાવોર્મિપ્રણીત કવનમાં રાચે છે. આમ કવિની ભાષાપ્રતિભાનો આધાર અનિવાર્યપણે તેની ભાવપ્રતિભા પર રહેલો છે તેમ પણ કહી શકાય એમ નથી. કાવ્યોચિત સંવેદનોને પારખવાની કવિની શક્તિ અને સંવેદનોચિત રૂઢારૂઢ ભાષાતત્ત્વોને પારખવાની ને પ્રયોજવાની કવિની શક્તિનો વિચાર પૃથગ્પણે કરવો પડે તેવું ચિત્ર આમાંથી ઊભું થાય છે.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં ગુલામ મોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર જેવા અન્ય પ્રમુખ કવિઓએ પરંપરાગત કાવ્યપ્રયુક્ત બાનીમાં સમજપૂર્વક વળાંક આણ્યો છે. એ પણ નોંધવા જેવું છે કે આ કવિઓએ એવો વળાંક સાધવા સાથે પોતપોતાની કાવ્યભાષાને પોતપોતાની આગવી મુદ્રા પણ આપી છે. એ બધા કવિઓની કાવ્યભાષામાં અભિવ્યક્તિના નવા ઉન્મેષો દાખવનારી જે ભાષાલક્ષી પ્રયુક્તિઓનો આશ્રય લેવાયો છે તેમનો વીગતવાર અભ્યાસ કરીને આ મહાનિબંધમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસને હજી વિસ્તૃત ફલક પર લઇ જઇ શકાય તેમ છે.